## સંક્ષિપ્ત સમાચાર

### મોતામાં 2 લાખના વીજતારની ચોરી

બારડોલી: ડિંડોલીની માન સરોવર સોસાયટીમાં રહેતા અને મૂળ બિહારના ભોજપુરાના રહેવાસી સંતોષકુમાર દીપનારાયણ સિંગ મોતા ગામે આવેલી કે.ઇ.સી. ઇન્ટરનેશનલ કંપની લિમિટેડમાં સિંગ ઇન્ડસ્ટ્રિયલ પ્રોટેક્શન પ્રાઈવેટ લિમિટેડ નામથી સિક્યુરિટીની સેવા આપે છે. તેમણે આપેલી ફરિયાદ મુજબ 23મી ફેબ્રુઆરીના રોજ મોતા ગામે કે.ઇ.સી. ઇન્ટરનેશનલ લિમિટેડ કંપનીના ગોડાઉનમાં રાખેલ 32 એમએમનો એલ્યુમિનિયમનો વીજ તાર અંદાજિત લંબાઈ એક કિમી, વજન આશરે 1000 કિલો ચોરી થયો હતો. જેની કુલ કિં.રૂ.2 લાખ અંદાજવામાં આવી છે. તેમણે બારડોલી ગ્રામ્ય પોલીસમાં આ મામલે ફરિયાદ કરતાં પોલીસે અજાણ્યા વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### પલસાણા ઓવરબ્રિજ પર અકસ્માતમાં એકનું મોત

પલસાણા: સુરત-મુંબઈ નેશનલ હાઈવે 48 પર પલસાણા ઓવરબ્રિજ પાસે સોમવારે સાંજે સર્જાયેલા અકસ્માતમાં ૧૫ વર્ષીય વીર નાયકાનું કરુણ મોત નીપજ્યું છે. પૂરઝડપે જતી મોપેડ નં.(G.J.05TQ2944) અજાણ્યા વાહન પાછળ ભટકાતાં આ દુર્ઘટના ઘટી હતી. તો ગંભીર રીતે ઇજાગ્રસ્ત ચાલક યશ નાયકાને હોસ્પિટલ ખસેડાયો છે. પલસાણા પોલીસે બેદરકારીપૂર્વક વાહન ચલાવવા બદલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### બારડોલીમાં ભેંસો ભરેલો ટેમ્પો ઝડપાયો

બારડોલી: બારડોલીની ધુલિયા ચોકડી પાસે ભાજપ કાર્યાલય સામેથી બારડોલી ટાઉન પોલીસે પશુઓ ભરેલો ટેમ્પો નં.(જીજે 16 એવી 8340) ઝડપી પાડ્યો હતો. જીવદયા પ્રેમીઓ દ્વારા પીછો કરવામાં આવતાં ચાલક અને ક્લીનર ટેમ્પો મૂકી નાસી છૂટ્યા હતા. તપાસ દરમિયાન ટેમ્પોમાં 16 ભેંસને ટૂંકા દોરડા વડે ક્રૂરતાપૂર્વક બાંધેલી હાલતમાં મળી આવી હતી. પોલીસે 1.60 લાખની ભેંસ અને 5 લાખનો ટેમ્પો મળી કુલ 6.60 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. ટાઉન પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### માંડવીના રૂપણ ગામે ધોળા દિવસે ચોરી

માંડવી: માંડવીના રૂપણ ખાતે રહેતા અને નોકરી કરતા વિનોદભાઈ રેવજીભાઈ ચૌધરી (ઉં.વ. 57)ના બંધ મકાનને ચોરોએ નિશાન બનાવ્યું હતું. આ બનાવમાં કબાટનાં તાળાં તોડી ચાંદીના ચાર જોડી સાંકળા અંદાજે રૂ.25 હજાર, 7 ટાઈટન ઘડિયાળ રૂ.25 હજાર, સોનાની બે જોડી બુટ્ટી રૂ.20 હજાર અને રૂ.1,500 રોકડા સહિત કુલ રૂ.71,500ની માલમતા પર તસ્કરોએ હાથ ફેરવ્યો હતો. આ ઘટના અંગે માંડવી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ આદરી હતી.

### કીમ રેલવે ઓવરબ્રિજ પર ટેમ્પોએ ટક્કર મારતાં બે મહિલાને ઈજા

કીમ: શનિવારે સવારે કીમ રેલવે ઓવરબ્રિજ ચઢતા પિકઅપ ટેમ્પો (નં. GJ 05 BZ 2555) ના ચાલકે ગફલતભરી અને પૂરઝડપે ગાડી હંકારતા મોપેડ (નં. GJ 16 CM 4997) ને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં નુરીયાસિંગ શેરૂસિંગ સરદાર (ઉં.વ.૨૫, રહે., કુડસદ રોડ, ગાંધીનગર સોસાયટી, તા. ઓલપાડ) અને કુલજીતકોર હરપાલસિંગ સરદારને ગંભીર ઇજાઓ પહોંચી હતી. ઇજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવ બાદ ટેમ્પો ચાલક પોતાનું વાહન સ્થળ પર મૂકીને ફરાર થઈ જતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

### કેળકુઇ ગામે આધેડનો આપઘાત

વ્યારા: વ્યારાના કેળકુઈ ગામના ડુંગરી ફળિયામાં રહેતા રસિકભાઈ કિશનભાઈ ચૌધરી (ઉં.વ.50) છેલ્લા દસેક દિવસથી માનસિક રીતે અસ્વસ્થ રહેતા હતા અને ગમેતેમ વાણીવિલાસ કરતાં રહેતા હોય તેમજ પોતે મરી જવાનો છું તેમ કહેતા ફરતા હતા. જેણે ગત તા.23-2-2026ના રોજ અગમ્ય કારણોસર અને માનસિક રીતે અસ્વસ્થ હોય પોતાના ઘર નજીક ખેતરની પાળ પર આંબાના ઝાડની ડાળીએ સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

### આંબોલી નજીક પતંગ લૂંટવા જતાં બાળકને કરંટ લાગ્યો, પગ કાપવો પડ્યો

કામરેજ: આંબોલી પાસે નવ વર્ષને બાળકને વીજ ટ્રાન્સફર પાસે કરંટ લાગતા એક પગ ઘૂંટણ નીચેથી કાપી નાંખવામાં આવ્યો હતો. આંબોલીના સપનાનગરમાં ફિરોજ બાબુભાઈ મુલતાની લક્ઝરી બસમાં ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. ધો.5માં અભ્યાસ કરતો અલ્ફાઝ (ઉં.વ.9) સોમવારે પતંગ લૂંટવા માટે જતાં સપનાનગર પાસે આવેલી DGVCLની ડીપી પાસે વીજકરંટ લાગ્યો હતો. સારવાર માટે સુરતની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. નવ વર્ષના અલ્ફાઝને પગના ઘુંટણના નીચેના ભાગે તેમજ મોંના ભાગે કરંટ લાગતાં જમણો પગ ઘૂંટણ નીચેથી કાપી નાંખવામાં આવ્યો હતો. જ્યારે મોંના ભાગે સર્જરી કરવામાં આવી હતી.

### મોરંબા ગામે ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

કુકરમુંડા: કુકરમુંડાના મોરંબા ગામે રહેતા સુનીલભાઈ રવિદાસભાઈ વસાવાના રહેણાક મકાનની બારીની ઈંટો હટાવી અજાણ્યા ઇસમ દ્વારા EPSON કંપનીનો પ્રિન્ટર, ચાંદીના સાકળા, કડું અને વીંટી મળી કુલ રૂ.33,૫૪૦નો સામાન ચોરી કરવામાં આવ્યો હતો. આ અંગે કુકરમુંડા પોલીસ સ્ટેશનમાં 21/02/2026ના રોજ ગુનો નોંધાયો હતો. આ બનાવમાં મોરંબાના સાવનભાઈ નેથુભાઈ વળવી (ઉં.વ.૨૮)ની પૂછપરછ કરતાં તેણે ચોરી કર્યાની કબૂલાત કરી હતી. સાથે ખેતરમાં સંતાડેલો મુદ્દામાલ કબજે કરી આરોપીની અટકાયત કરી હતી.

### કીમમાં 28 વર્ષીય યુવતી ગુમ

કીમ: કીમના ગણેશનગરની ૨૮ વર્ષીય ખુશ્બુબેન મદનલાલ સુથાર ઘરેથી કોઈને જાણ કર્યા વગર નીકળી જતાં ગુમ થયાની નોંધ કીમ પોલીસ સ્ટેશનમાં દાખલ થઈ હતી. તે પોતાના જરૂરી દસ્તાવેજો સાથે લઈ ગઈ હોવાનું જણાવાયું છે.

### અંત્રોલી બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સાઇટ પરથી 36 હજારના વાયરની ચોરી

પલસાણા: અંત્રોલી ગામે નિર્માણાધીન બુલેટ ટ્રેન પ્રોજેક્ટના સ્ટેશન વિસ્તારમાં તસ્કરોએ ત્રાટકી આશરે 36,124ની કિંમતના વાયરની ચોરી કરી છે. રવિવારે 22 ફેબ્રુઆરીએ બપોરે તસ્કરો બાઉન્ડ્રી વોલ કૂદી અંદર પ્રવેશ્યા હતા અને 'આર.આર. કંપની'ના કુલ 779.5 મીટર વાયર કાપીને ફરાર થઈ ગયા હતા. આ અંગે ઇલેક્ટ્રિકલ સાઇડ ઇન્ચાર્જ ચંદન મરાઠેએ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ તપાસ હાથ ધરી છે. હેડ કોન્સ્ટેબલ અલ્પેશભાઈ ચૌધરી આ કેસની વધુ તપાસ કરી રહ્યા છે.

### અંકલેશ્વર ST ડેપો પર સ્વચ્છતા માટે સૂચના

અંકલેશ્વર: અંકલેશ્વર એસટી બસ ડેપો ખાતે મુસાફરોને સ્વચ્છતા જાળવવા માટે સખત સૂચનાઓ આપવામાં આવી છે. ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન દ્વારા સ્પષ્ટ જણાવાયું છે કે બસ કે બસ સ્ટેશન પરિસરમાં ગંદકી કરનાર સામે દંડાત્મક કાર્યવાહી કરાશે. અભિયાનનો મુખ્ય હેતુ બસ સ્ટેશન તેમજ બસની અંદર સ્વચ્છતા જાળવવાનો છે.

# બોર્ડ પરીક્ષા ટાણે જ ફાટક બંધ

**બારડોલીમાં** રેલવે વિભાગના આ નિર્ણયથી વિદ્યાર્થીઓને ટેન્શન

**ટ્રાફિક** જામમાં ફસાવાને કારણે પરીક્ષાનો કીમતી સમય બગડી શકે

**વાહનચાલકો** પાસે માત્ર એક જ વિકલ્પ, બારડોલી સુગર ફેક્ટરી પાસે આવેલી રેલવે ફાટક નં.24 ખુલ્લી રહેશે




બારડોલી: બારડોલી-કડોદ માર્ગ પર મુસાફરી કરતા લોકો અને ખાસ કરીને બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. રેલવે વિભાગ દ્વારા જરૂરી મરામત અને ટેકનિકલ કામગીરીને પગલે આ માર્ગ પર આવેલું રેલવે ફાટક આગામી ત્રણ દિવસ માટે સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ કામગીરી તારીખ 25 ફેબ્રુઆરી-2026ના રોજ સવારે 8 વાગ્યાથી શરૂ થઈને 28 ફેબ્રુઆરી 2026ના રોજ સાંજે 7 વાગ્યા સુધી ચાલશે.

સૌથી વધુ ચિંતાની બાબત એ છે કે 26 ફેબ્રુઆરીથી બોર્ડની પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. કન્યા વિદ્યાલય અસ્તાન નજીકનું ફાટક અગાઉથી જ રેલવે ઓવરબ્રિજની કામગીરીને કારણે બંધ છે. હવે બારડોલી-કડોદ મુખ્ય માર્ગનું ફાટક પણ બંધ થતા પરીક્ષાર્થીઓને કેન્દ્ર સુધી સમયસર પહોંચવામાં ભારે હાલાકી ભોગવવી પડી શકે છે. વાલીઓ અને વિદ્યાર્થીઓમાં આ આયોજનને લઈને રોષ અને ચિંતા જોવા મળી રહી છે, કારણ કે ટ્રાફિક જામમાં ફસાવવાને કારણે પરીક્ષાના કીમતી સમય પર જોખમ ઊભું થઈ શકે છે.

આ સમયગાળા દરમિયાન કડોદ અને માંડવી તરફ જવા માટે વાહનચાલકો પાસે હવે માત્ર એક જ વિકલ્પ બચ્યો છે. બારડોલી સુગર ફેક્ટરી પાસે આવેલી રેલવે ફાટક નં.24 જ અવરજવર માટે ખુલ્લી રહેશે. અસ્તાન ઓવરબ્રિજ અને કડોદ રોડ ફાટક બંને બંધ હોવાને કારણે સમગ્ર પંથકનો ટ્રાફિક સુગર ફેક્ટરીવાળા ફાટક પર ડાયવર્ટ થશે. જેના પરિણામે આગામી ત્રણ દિવસ સુધી આ માર્ગ પર વાહનોની લાંબી કતારો અને ભારે ટ્રાફિક જામ સર્જાવાની પૂરેપૂરી શક્યતા છે. સ્થાનિક તંત્ર અને રેલવે વિભાગ દ્વારા વાહનચાલકોને વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અને સમયમર્યાદાને ધ્યાનમાં રાખીને ઘરેથી વહેલા નીકળવા અપીલ કરવામાં આવી છે. ખાસ કરીને વિદ્યાર્થીઓને કોઈ અગવડ ન પડે તે માટે વધારાના ટ્રાફિક પોલીસ જવાનો તૈનાત કરવામાં આવે તેવી પણ લોક માંગ ઊઠી છે.



ઈબ્રાહીમ કાનુ

# લીમોદરામાં ભારે વાહનોના ત્રાસ સામે લોકોનો હલ્લો

**ભારે** વાહનો પર પ્રતિબંધ મૂકવા આવેદનપત્ર

હથોડા: કોસંબા પોલીસ સ્ટેશન હદમાં આવેલા લીમોદરા ગામના રહીશો હાલ ભારે વાહનોના આતંકથી ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. ગામની આસપાસ આવેલી ફેક્ટરીઓને કારણે માર્ગો પર હાઈવા, ડમ્પર અને ટ્રકોની સતત અવરજવર રહે છે. તાજેતરમાં અકસ્માતોમાં બેનાં મોત નીપજતાં ગ્રામજનોનો રોષ ફાટી નીકળ્યો છે.મંગળવારે લીમોદરાના ગ્રામજનોએ માંગરોળ મામલતદાર અને સુરત કલેક્ટરને લેખિતમાં આવેદન આપી ભારે વાહનો પર પ્રતિબંધની માંગ કરી છે. આવેદનમાં જણાવાયું છે કે, ૨૦૦૦ની વસતી ધરાવતા આ ગામના મુખ્ય માર્ગ પાસે જ પ્રાથમિક શાળા આવેલી છે. વાહનચાલકો ટેક્સ બચાવવા માટે ગ્રામ્ય માર્ગોનો ઉપયોગ કરે છે, જેના કારણે રસ્તાઓ બિસ્માર બન્યા છે. ખેડૂતો, મહિલાઓ અને બાળકો માટે રસ્તા પરથી પસાર થવું જોખમી બન્યું છે. આથી ગંભીર અકસ્માત સર્જાય તે પ્રતિબંધ મૂકવો જોઈએ.

# વાલોડમાં લંપટ શિક્ષકનો વરઘોડો નીકળ્યો, ચાલ પણ બદલાઈ ગઈ!

**સ્થાનિક** લોકોએ તાપી પોલીસ જિંદાબાદ તેમજ જયશ્રી રામના નારા લગાવ્યા



વાલોડ: વાલોડ વિસ્તારમાં ટ્યુશન ક્લાસ ચલાવતા શિક્ષક દ્વારા સગીરાની છેડતી કરી હેરાન કરવાના પ્રકરણમાં પોલીસે વિકૃત માનસિકતા ધરાવતા શિક્ષકની ધરપકડ કરી તેનો ભરબજારમાં વરઘોડો કાઢવામાં આવ્યો હતો. દરમિયાન મોટી સંખ્યામાં હાજર સ્થાનિક લોકોએ તાપી પોલીસ જિંદાબાદ તેમજ જયશ્રી રામના નારા લગાવી પોલીસની કામગીરીને બિરદાવી હતી.

તાપી જિલ્લામાં શિક્ષણ જગતને શર્મશાર કરતો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો, જેમાં વાલોડ તાલુકામાં ખાનગી ટ્યુશન ક્લાસ ચલાવતો વિધર્મી શિક્ષક ટ્યુશન ક્લાસમાં આવતી એક સગીર વિદ્યાર્થિનીને હેરાન કરી અડપલાં કરતો હતો. જે છેલ્લા 6 મહિનાથી સગીરાને હેરાન કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી પોતે પણ આત્મહત્યા કરવાનું જણાવતાં આખરે આ વિકૃત માનસિકતા ધરાવતા શિક્ષકના ત્રાસ અંગે સગીરાએ તેના વાલીને ફરિયાદ કરતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો ઘટનાની જાણ થતાં જ સ્થાનિકોના ટોળેટોળાં વાલોડ પોલીસ સ્ટેશન ખાતે ધસી આવતાં વાતાવરણ તંગ બન્યું હતું. જો કે, પોલીસે આરોપી અસ્વદ હૈદર શેખ વિરુદ્ધ ગુનો નોંધી યોગ્ય કાર્યવાહીની ખાતરી આપતાં મામલો થાળે પડ્યો હતો. પોલીસે આરોપીને ગણતરીના કલાકમાં જ ઝડપી પાડ્યો હતો. ફરીવાર આ વિસ્તારમાં આવી ઘટના ન બને અને બહેન દીકરીઓ સલામત રીતે હરી ફરી શકે એ માટે દાખલો બેસાડવા પોલીસે આ લંપટ શિક્ષકનો મંગળવારે બુહારી બજારમાં વરઘોડો કાઢ્યો હતો. વરઘોડા દરમિયાન લંપટ શિક્ષકની ચાલ બદલાયેલી જોવા મળી હતી. વરઘોડો કાઢવામાં આવ્યો તે દરમિયાન મોટી સંખ્યામાં લોકટોળું એકત્ર થઈ ગયું હતું અને તેઓએ તાપી પોલીસ જિંદાબાદ, વાલોડ પોલીસ જિંદાબાદના તેમજ જયશ્રી રામના નારા લગાવ્યા હતા તેમજ વાલોડ પોલીસની કામગીરીને બિરદાવી હતી. પોલીસ દ્વારા આરોપીને સાથે રાખી રિકન્સ્ટ્રક્શન પણ કરવામાં આવ્યું હતું.

# મોટા બોરસરા નજીક બોક્સ ગટર બનાવતા ગેસ પાઈપલાઈન તૂટી

**જેસીબીએ** ગટરમાં પાવડો મારતા જ ગેસ વછૂટવા માંડ્યો



ઈબ્રાહીમ કાનુ

હથોડા: કીમ ચાર રસ્તાથી કીમ વચ્ચે પાણીના નિકાલ માટે બની રહેલી બોક્સ ગટરની કામગીરી દરમિયાન મોટી દુર્ઘટના ટળી હતી. જેસીબી ચાલકની બેદરકારીને કારણે ખોદકામ દરમિયાન ગેસ લાઈન તૂટી જતાં ગેસ લીકેજ શરૂ થયો હતો, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

ઘટનાની વિગત એવી છે કે, કીમ-માંડવી માર્ગ પર વરસાદી પાણી તેમજ ઔદ્યોગિક એકમોના પાણીના નિકાલ માટે કરોડો રૂપિયાના ખર્ચે બંને બાજુ બોક્સ ગટર બનાવવાની કામગીરી ચાલી રહી છે. આ ગટરની સમાંતર જ ગેસ પાઈપલાઈન પણ પસાર થાય છે. મંગળવારે કામગીરી દરમિયાન જેસીબીના પાવડાના ફટકાથી ગેસ લાઈન તૂટી ગઈ હતી અને ભારે દબાણ સાથે ગેસ હવામાં વછૂટવા લાગ્યો હતો.

ગેસની તીવ્ર દુર્ગંધ પ્રસરી જતાં કીમ-માંડવી રોડ પરથી પસાર થતા વાહનચાલકો અને સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. આ માર્ગ પર ૨૪ કલાક વાહનોની અવરજવર રહેતી હોવાથી મોટી હોનારત થવાની ભીતિ સેવાઈ રહી હતી. આશ્ચર્યની વાત એ છે કે, ઘટનાના એક કલાક સુધી કોઈ જવાબદાર અધિકારી સ્થળ પર ન પહોંચતાં લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. અંતે તંત્ર સફાળું જાગ્યું હતું અને અધિકારીઓએ સ્થળ પર દોડી આવી રિપેરિંગની કામગીરી હાથ ધરી પરિસ્થિતિ થાળે પાડી હતી.

# કારેલીમાં રૂ.૨૭.૭૪ લાખના ગાંજા સાથે ચારની ધરપકડ



જયેશ પટેલ

સાયણ: સુરત એસ.ઓ.જી. ટીમે બાતમીના આધારે ઓલપાડના કારેલી ગામે મધુવન રેસિડેન્સીના મકાનમાં દરોડો પાડી ૫૫.૪૯૩ કિલો ગાંજો ઝડપી પાડ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત અંદાજે ૨૭,૭૪,૬૫૦ થાય છે. પોલીસે ઘટના સ્થળેથી ઓરિસ્સાના ચાર આરોપી જયસેન મહંતી, સુશાંત નાયક, અજય નાયક અને શ્રીકાંત પલતાની ધરપકડ કરી છે. તેમની પાસેથી ૬ મોબાઈલ ફોન, રોકડ રકમ અને માલની હેરાફેરીમાં વપરાતો ટાટા ટેમ્પો મળી કુલ ૩૦,૩૪,૪૨૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, આરોપીઓ ઓરિસ્સાથી ટ્રેન મારફતે ગાંજો મંગાવતા હતા અને સાયણ રેલવે ટ્રેક પાસે ડિલિવરી મેળવી ટેમ્પોમાં મકાન સુધી લાવતા હતા. પોલીસે આ રેકેટમાં સંડોવાયેલા મુખ્ય સૂત્રધાર રાજેશ ઉર્ફે ગંગુ અને જયસિંગ સહિત કુલ ૭ આરોપીને વોન્ટેડ જાહેર કર્યા છે.

# ઓલપાડ કાંઠા વિસ્તારમાં હજુ પણ સિંચાઈ પાણીની મોકાણ

**વેલુકના** ખેડૂતોએ કુદિયાણા માઇનોરના દરવાજાનો હેડ જે.સી. બી. મશીનથી તોડી સરકારી નુકસાન કરતાં કલેક્ટરને રાવ

સાયણ: કાકરાપાર કેનાલમાં પાણી છોડાયાના ૧૯ દિવસ પછી પણ ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના ખેડૂતોને પૂરતા પ્રમાણમાં સિંચાઈ પાણી ન મળવાથી ઉનાળુ ડાંગરની રોપણી અટકતા ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે. જેથી રોષે ભરાયેલા પાણીથી વંચિત વેલુકના ખેડૂતોએ પાણી-પાણીના પોકાર સાથે સોંસક ગામની સીમમાં જે.સી.બી.થી કુદિયાણા માઈનોરના દરવાજા નીચેની પાકી પાળ સરકારી પરમિશન વિના તોડી નાંખતાં બીજા જૂથના ખેડૂતો આમનેસામને આવી ગયા હતા અને એક જૂથે સરકારી મિલકતને નુકસાન થવા મામલે કલેક્ટર અને સિંચાઈ અધિક્ષકને લેખિત ફરિયાદ કરી છે.

આ મામલે ત્રણે ગામના ખેડૂતોએ ભાજપ અગ્રણી કિરીટ પટેલની આગેવાનીમાં સુરત કલેક્ટર અને સુરત સિંચાઈ વર્તુળના અધિક્ષકને રૂબરૂમાં લેખિત ફરિયાદ કરી છે કે, કાકરાપાર જમણા કાંઠા યોજના હેઠળ રાંદેર સિંચાઈ વિભાગની પેટા કચેરી થકી હજીરા કેનાલના ૭૧ આર.ડી. ફાંટાથી સરોલી, કુદિયાણા, ભાંડુત, બરબોધન કેનાલ દ્વારા ખેડૂતો ખેતરમાં સિંચાઈનું પાણી લે છે. હાલમાં ઉનાળુ ડાંગરની રોપણી સહિત શેરડી અને શાકભાજીના પાકને પાણીની તાતી જરૂરિયાત છે. ૯ આર.ડી. પાસે સિંચાઈ વિભાગે નહેરના નીચાણ ભાગમાં વધુ વહી જતા પાણીને કંટ્રોલ કરવા અઢી ફૂટથી વધુ ઊંચી પાકી પાળ બનાવી હતી.

નહેરની અંદરની આ પાળ સોમવારે કેટલાક ખેડૂતોએ સરકારી પરમિશન વિના જેસીબી મશીનથી તોડી સરકારી મિલકતને નુકસાન કર્યું છે. જેથી નહેરમાંથી પાણી વહી જવાથી ઉપરવાસના ખેડૂતોની ડાંગર રોપણી અટકી ગઈ છે.

### કોળી ભરથાણામાં દારૂ ઝડપાયો

કામરેજ: કામરેજ પોલીસને બાતમી મળી હતી કે, કોળી ભરથાણા ગામે હનુમાન ગલીમાં રહેતો રૂત્વિક ધર્મેશ પટેલ દારૂ વેચે છે. આથી રેડ કરતાં રૂ.40560નો દારૂ, મોબાઈલ કિં. રૂ.25000 મળી કુલ રૂ.65,650નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. રૂત્વિકની પૂછપરછ કરતાં ચાર દિવસ અગાઉ કિશન ઉર્ફે રાહુલ ચાવડા (રહે.,ભાલિયાવાડ, ભરૂચ) આપી ગયો હોવાનું જણાવતાં વોન્ટેડ જાહેર કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સોનગઢનો ફરાર બુટલેગર ઝડપાયો

સોનગઢ: તાપી એલ.સી.બી.ની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે, સોનગઢ પોલીસ સ્ટેશનના દારૂના ગુનામાં સંડોવાયેલો ફરાર આરોપી નિવૃત્તિ ઉર્ફે આર.એસ. ભીખાજી સોનવણે (ઉં.વ.૪૩) હાલ મહારાષ્ટ્રના નાસિકના તહારાબાદ ખાતે છુપાયેલો છે. બાતમીના આધારે પોલીસે તહારાબાદ ખાતે દરોડો પાડી આરોપીને ઝડપી પાડ્યો હતો. વધુ તપાસ માટે તેને સોનગઢ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

### ખરોડમાં ગેરકાયદે માટીખનન

અંકલેશ્વર: અંકલેશ્વરના ખરોડ ગામના ચંપેલી વગો વિસ્તારમાં, બે લીમડી નજીક તળાવ પાસેથી માટી ખોદવાની પ્રવૃત્તિ ચાલી રહી હતી. ખાણ ખનીજની ટીમે સ્થળ પર પહોંચી માટીખનન કરતા એક હિટાચી મશીનને જપ્ત કર્યું હતુ તેમજ પંચનામું બનાવી વધુ તપાસ શરૂ કરી હતી.

# માંડવી અને અરેઠ તા.પં.ની ચૂંટણી માટે બેઠકની ફાળવણી

માંડવી: માંડવી તા.પં.ની 18 બેઠક જાહેર કરાઈ છે. અહીં અમલસાડી, દઠવાડા, દેવગઢ, ઘંટોલી, ગોદાવાડી, ગોડધા, કાકરાપાર, કમલાપોર, ખરોલી, કીમ-ડુંગરા, લુહારવાડ, માલધા, મોટીચેર, પુના, રતનિયા, સાલૈયા, સઠવાવ અને વરેઠનો સમાવેશ કરાયો છે, જેમાં અનુસૂચિત જાતિ સામાન્ય-1, અનુસૂચિત આદિજાતિ મહિલા-8, સામાન્ય-8, સામાજિક અને શૈક્ષણિક પછાત મહિલા-1 છે. જ્યારે અરેઠ તાલુકા પંચાયત માટે કુલ 16 બેઠક જાહેર કરવામાં આવી છે. તાલુકાની અરેઠ, બૌધાન-1, બૌધાન-2, બોરીગાળા, કરવલી, ખોડાબા, નરેણ, નૌગામા, પાતલ, તડકેશ્વર-1, તડકેશ્વર-2, તડકેશ્વર-3, તડકેશ્વર-4, તુકેદ, ઉટેવા અને વેગી વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. બેઠકોનું અનામત પ્રમાણે વિતરણ જોઈએ તો અનુસૂચિત જાતિ મહિલા-1, અનુસૂચિત આદિજાતિ મહિલા-5, સામાન્ય-6, સામાજિક અને શૈક્ષણિક પછાત મહિલા-1, સામાન્ય મહિલા-1, બિન અનામત સામાન્ય-1નો સમાવેશ થાય છે. જિલ્લા પંચાયતની આવનારી ચૂંટણી માટે પણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. માંડવી તાલુકામાં ગોદાવાડી, દેવગઢ અને ઘંટોલી ખાતે 3 બેઠક અને અરેઠ તાલુકામાં અરેઠ અને તડકેશ્વર ખાતે 2 બેઠક જાહેર કરવામાં આવી છે.

# વકીલના 27 હજાર ચોરી કરનાર ગેંગના ૪ સાગરીત ઝડપાયા

બારડોલી: બારડોલી ટાઉન પોલીસે રાહદારીઓને ગાડીમાં બેસાડી નજર ચૂકવી નાણાં ચોરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. ગત ૨૧ ફેબ્રુઆરીએ એક વકીલને ઈકો ગાડીમાં બેસાડી રૂ.૨૭,૦૦૦ની ચોરી કરી ગેંગ ફરાર થઈ ગઈ હતી. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે વોચ ગોઠવી સુરતના ચાર આરોપી (ઉસ્માનખાનચૌહાણ (રહે., એ એપાર્ટમેન્ટ, ઉન પાટિયા, સુરત, મૂળ રહે., આણંદ), સફીક હમીદ શેખ (રહે., ભેસ્તાન આવાસ, મૂળ રહે., જલગાંવ, મહારાષ્ટ્ર), રહીમુદીન શાહબુદ્દીન શેખ (રહે.,ભેસ્તાન આવાસ, ડિંડોલી, સુરત, મૂળ રહે., જલગાંવ) અને સદામ મહેમુદ શેખ (રહે., ભેસ્તાન, સાઈનાથ રેસિડેન્સી, ડિંડોલી)ની ધરપકડ કરી છે. પોલીસે ગુનામાં વપરાયેલી ઈકો ગાડી અને રોકડ રકમ સહિત કુલ રૂ.૨.૩૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. સફીક શેખ અને ઉસ્માનખાન અનેક ગુનામાં સંડોવાયેલા છે.